# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં અનેક વૈશ્વિક નેતાઓને મળશે.

**2)** ભારત અને ફ્રાન્સ, દ્વિપક્ષીય સંબંધને ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવા સંમત થયા

**3)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે વિશાખાપટ્ટનમમાં આંતરરાષ્ટ્રીય ફ્લીટ રિવ્યૂ-2026માં ઉપસ્થિત રહેશે.

**4)** કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળના માયાપુરમાં ઇસ્કોન મુખ્ય મથકની મુલાકાત લેશે.

**5)** સર્વોચ્ચ અદાલત આજે I-PAC સર્ચ કેસમાં મમતા બેનર્જી અને બંગાળ સરકાર દ્વારા દખલગીરી કેસમાં EDની અરજી પર સુનાવણી કરશે

**6)** ટ્વેન્ટી 20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ત્રણ મેચ રમાશે - ભારત અને નેધરલેન્ડ વચ્ચે અમદાવાદમાં મુકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM – BILATERALS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ માટે નવી દિલ્હીમાં આવેલા અનેક વૈશ્વિક નેતાઓને મળશે.

શ્રી મોદી સ્પેનના રાષ્ટ્રપ્રમુખ પેડ્રો સાંચેઝ, ફિનલેન્ડના પ્રધાનમંત્રી એન્ટિ પેટેરી ઓર્પો, સર્બિયાના રાષ્ટ્રપ્રમુખ અલેક્ઝેન્ડર વુસિક, ક્રોએશિયાના પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેન્કોવિક, એસ્ટોનિયાના રાષ્ટ્રપ્રમુખ અલાર કારિસ, ભૂટાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરિંગ તોબગે અને કઝાખસ્તાનના પ્રધાનમંત્રી ઓલ્જહાસ બેકતેનોવને મળશે.

# AI SUMMIT- 3RD DAY AGENDA

ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026ના ત્રીજા દિવસે એક સંશોધન પરિસંવાદ યોજાશે, જેમાં એસ્ટોનિયન રાષ્ટ્રપ્રમુખ અલાર કારિસ, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ સહિત અન્ય મહાનુભાવો ભાગ લેશે.

આ ઉપરાંત ઉદઘાટન સત્ર અને કાર્યકારી જૂથનું લોન્ચિંગ પણ યોજાશે. આ સત્રમાં AI કેવી રીતે ઉત્પાદકતામાં વધારો કરી શકે છે, કાર્યક્ષમતાને મજબૂત બનાવી શકે છે, વિકાસ માટે નવા માર્ગ ખોલી શકે છે અને વૈશ્વિક સ્તરે સમાન રીતે અસમાનતા ઘટાડી શકે છે જેવા મુદ્દા પર ચર્ચા કરાશે.દરમિયાન આ સમિટમાં ગઇકાલે યોજાયેલા સત્રો અંગે અમારા પ્રતિનિધિનો અહેવાલ

## V/C- AMAN-ON-AI-SUMMIT

# INDIA AND FRANCE

ભારત અને ફ્રાન્સ, દ્વિપક્ષીય સંબંધને ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવા સંમત થયા છે. બંને પક્ષે ભાગીદારીને વધારવા અને હોરાઇઝન 2047 વ્યૂહરચનાના અમલીકરણની નિયમિત સમીક્ષા કરવા વાર્ષિક વિદેશ મંત્રી સ્તરીય સંવાદ શરૂ કરવા સંમત થયા છે.

બંને દેશ ભારત-ફ્રાન્સ ઇનોવેશન ઇયર અને ભારત-ફ્રાન્સ ઇનોવેશન નેટવર્ક શરૂ કરવા પણ સંમત થયા છે. મુંબઈના લોકભવનમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોં સાથે સંયુક્ત નિવેદન આપતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આ ભાગીદારી માત્ર વ્યૂહાત્મક જ નહીં પરંતુ આજની અસ્થિર વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે વૈશ્વિક સ્થિરતા અને સમૃદ્ધિ માટે પણ મહત્વપૂર્ણ છે.

BYTE: PM-INDO-FRANCE

# MACRON-PM-MODI-G7-SUMMIT

ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંએ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આ વર્ષે યોજાનારા 52માં G7 સંમેલનમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે. ફ્રાન્સ આ સંમેલનનું અધ્યક્ષપદ સંભાળશે.

મુંબઈમાં એક અખબારી નિવેદનમાં રાષ્ટ્રપ્રમુખ મેક્રોંએ જણાવ્યું કે એવિયનમાં સમિટ પહેલાં આંતરરાષ્ટ્રીય કાર્યસૂચિ પર સર્વસંમતિ મેળવવા ભારત અને ફ્રાન્સ વચ્ચે ખાસ બેઠકની જરૂર છે.

મેક્રોંએ બંને દેશના યુવાનો માટે નવીનતાની તકો વિકસાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. G7 સંમેલન અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, જાપાન, ઇટાલી, કેનેડા અને યુરોપિયન સંઘના નેતાઓનો વાર્ષિક મેળાવડો છે.

# PREZ - AP VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં યોજાઈ રહેલા આંતરરાષ્ટ્રીય ફ્લીટ રિવ્યૂ-2026માં ઉપસ્થિત રહેશે. સશસ્ત્ર દળોનાં સર્વોચ્ચ કમાન્ડર તરીકે, રાષ્ટ્રપતિ ઔપચારિક નૌકાદળના કાફલાનું નિરીક્ષણ કરશે અને ભારતની નૌકાદળ શક્તિ અને દરિયાઈ ક્ષમતાઓના પ્રદર્શનના સાક્ષી બનશે.

આગામી 25 ફેબ્રુઆરી સુધી યોજાનારી આંતરરાષ્ટ્રીય ફ્લીટ રિવ્યૂ કવાયતમાં 100થી વધુ દેશ ભાગ લઈ રહ્યા છે. યુદ્ધ જહાજો, સબમરીન, વિમાનો અને વિવિધ દેશના પ્રતિનિધિમંડળો તેમાં ભાગ લેશે, જે વૈશ્વિક નૌકાદળ શક્તિ અને સહયોગનું પ્રદર્શન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## AMIT SHAH-WB

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળના એક દિવસના પ્રવાસે છે. કોલકાતા પહોંચ્યા બાદ, તેઓ નદિયા જિલ્લાના માયાપુરમાં ઇસ્કોન મુખ્યમથકની મુલાકાત લેશે, જ્યાં તેઓ શ્રીલ ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરની 152મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**

**શ્રી શાહ જયપતાકા સ્વામી મહારાજ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક પણ કરશે અને મંદિર પરિસરમાં જાહેર સભાને સંબોધિત કરશે.**

## SC-ED-IPAC

**સર્વોચ્ચ અદાલત આજે પ્રવર્તન નિર્દેશાલય -ED દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનવણી કરશે. તેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, કોલકાતા સ્થિત**

રાજકીય સલાહકાર પેઢી ઇન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી-આઇપેકના કાર્યાલય અને તેના સહ-સ્થાપક પ્રતીક જૈનના નિવાસસ્થાને કેન્દ્રીય સંસ્થા દ્વારા તાજેતરમાં કરાયેલા દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળ સરકાર અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હસ્તક્ષેપ કર્યો હતો.

આ કેસની સુનાવણી ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રા અને કે.વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠ દ્વારા કરાશે. વરિષ્ઠ વકીલની નાદુરસ્ત તબિયતને કારણે ગયા અઠવાડિયે સુનાવણી મુલતવી રાખવામાં આવી હતી.

# CRICKET-T20

પુરુષ T-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારતનો મુકાબલો નેધરલેન્ડ્સ સામે થશે. આ મેચ ગુજરાતના અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સાંજે 7 વાગ્યે રમાશે. અન્ય બે મેચમાં દક્ષિણ આફ્રિકા સવારે 11 વાગ્યે દિલ્હીમાં સંયુક્ત આરબ અમીરાત સામે, અને પાકિસ્તાન બપોરે 3 વાગ્યે કોલંબોમાં નામિબિયા સામે ટકરાશે.

દરમિયાન ગઈકાલે નેપાળે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ગ્રુપ સી મેચમાં સ્કોટલેન્ડને સાત વિકેટથી હરાવ્યું હતું.

શ્રીલંકાના પલ્લેકેલેમાં ઝિમ્બાબ્વે અને આયર્લેન્ડ વચ્ચેની મહત્વની મેચ ગઈકાલે સતત વરસાદને કારણે એક પણ બોલ રમાયા વિના રદ થયા બાદ ઓસ્ટ્રેલિયા આ સ્પર્ધામાંથી બહાર થયું છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને પૂર્વ રાજસ્થાનમાં વાવાઝોડા અને કરા પડવાની આગાહી કરી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ અને રાજસ્થાનમાં દિવસભર ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. પશ્ચિમ મધ્ય પ્રદેશમાં પણ વાવાઝોડા અને વરસાદ થવાની શક્યતા છે. વિભાગે જણાવ્યું કે દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે.

આવતીકાલ સુધીમાં ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગમાં મહત્તમ તાપમાન બે થી ચાર ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે. આગામી બે દિવસમાં ગુજરાત, મહારાષ્ટ્રના દક્ષિણ ભાગો, મધ્ય ભારત અને પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ વધવાની શક્યતા છે.

# ACC WOMEN'S ASIA CUP

ACC મહિલા એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટના ગ્રુપ-A મેચમાં ગઈકાલે ભારતે નેપાળને સાત વિકેટથી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. આ જીત સાથે, ભારતની ગ્રુપ-A ની ત્રણ મેચમાં આ બીજી જીત છે. ભારત પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે.

તનુજા કંવરને તેની શાનદાર બોલિંગ માટે મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા. પ્રથમ બેટિંગ કરતા, નેપાળ 18 ઓવરમાં 78 રનમાં ઓલ આઉટ થયુ હતું.

79 રનના લક્ષ્યનો પીછો કરતા, ઓપનર વૃંદા દિનેશે અણનમ 39 રન બનાવ્યા અને ભારતે 7 ઓવર અને 5 બોલમાં લક્ષ્ય હાંસલ કર્યું.

# NHAI- BEE CORRIDORS

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ રાષ્ટ્રીય હાઇવે પર મધમાખી કોરિડોર વિકસાવવા માટેની પ્રથમ પહેલની જાહેરાત કરી છે. માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયે ભાર મૂક્યો છે કે આ પહેલ સાથે, NHAI મધમાખી-મૈત્રીપૂર્ણ વનસ્પતિના સતત રેખીય પટ્ટાઓ બનાવીને વાવેતરથી ઇકોલોજીકલ વાવેતર તરફ આગળ વધશે. તેમણે ઉમેર્યું હતું કે આ કોરિડોરમાં ફૂલોના વૃક્ષો અને છોડનો સમાવેશ થશે જેથી સમગ્ર વર્ષ દરમિયાન અમૃત અને પરાગની ઉપલબ્ધતા સુનિશ્ચિત થાય, જે મધમાખીઓ અને અન્ય પરાગ રજકોને ટકાવી રાખશે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે, મધમાખી કોરિડોરમાં વૃક્ષો, ઝાડીઓ, જડીબુટ્ટીઓ અને ઘાસનું મિશ્રણ હશે, જેમાં અમૃત અને પરાગથી ભરપૂર મૂળ પ્રજાતિઓ જેમ કે લીમડો, કરંજ, મહુઆ, પલાશ, બોટલ બ્રશ, જામુન અને સિરીસનો સમાવેશ થશે.

---------------------------------------------------------

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના તમામ અખબારોમાં ભારત-ફ્રાન્સ ભાગીદારી અને AI સમિટ અંગેના સમાચારોને પ્રથમ પાને સ્થાન અપાયું છે.
- ગુજરાત સમાચારનું મુખ્ય મથાળું છે - ભારત-ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ, ટેકનોલોજી સહિતના 21 કરાર સંદેશની હેડલાઇન છે - ફ્રાન્સ ભારતનું વિશેષ ભાગીદાર: પીએમ મોદી
- દિવ્ય ભાસ્કરે , કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવના નિવેદનને ટાંકતા લખ્યું છે કે, આપણે AIનું UPI જેવું વર્ઝન બનાવીશું - આરોગ્યથી લઈ પરિવહન સુધી બધું એક સ્થળે
- સ્થાનિક સમાચારોમાં, પીપળજ ઓઇલ કેમિકલ કંપનીમાં આગ, દુકાન-મોલ્સ, સંસ્થાઓમાં કામના કલાકો નવ થી વધારીને 10 કરાયા, SIR પ્રક્રિયા પૂર્ણ - ગુજરાતમાં કુલ 4 કરોડ 40 લાખ 30 હજાર 725 મતદારો જેવા સમાચારોને સ્થાન આપાયું છે.